સમાજ માટે પ્રેરણાદાયક જન્મ દિવસનીની ઉજવણી

ગાંધીનગર, તા. ૪

એક અનોખા જન્મદિવસની ઉજવણી કરવામાં આવી જેમાં ધણપ ગામનાં વતની અને સમાજસેવક પ્રવીણભાઈ બાલાભાઈ ચૌધરીના સુપુત્ર અથર્વકુમારના બીજા (૨) જન્મદિવસ નિમીતે હાલમાં ચાલી રહેલ કોવીડ-૧૯ મહામારી અંતર્ગત ગામનાં ગરીબ તથા મધ્યમવર્ગનાં વ્યક્તિઓને મદદરૂપ થવા તથા ધણપગામ ખાતે કોરોના વાયરસનો પ્રસાર (સંક્રમણ) અટકાવવા અને

ગ્રામજનોની સુરક્ષા સારૂ ૧૦૦૦ (એક હજાર) માસ્કનુ વિતરણ કરવામાં આવેલ હતુ. તદઉપરાંત પ્રથમ વર્ષગાંઠ દરમ્યાન પ્રાથમીક તથા માધ્યમીક શાળામાં અભ્યાસ માટે દત્તક લીધેલ બાળકોને અથર્વકુમારના દાદા બાલાભાઈ ગાંડાભાઈ ચૌધરી દ્વારા રૂ. ૨૫૦૦ (પ્રાથમીક) અને રૂ.૨૫૦૦ (માધ્યમીક) ને ચેક શાળામાં અર્પણ કરવામાં આવ્યો હતો. આ સાથે જન્મદિવસ નિમીતે થતા બિનજરૂરી ખર્ચા પર કાપ મુકી તેજ પૈસાની સમાજસેવાનુ ઉત્તમ ઉદાહરણ આ સાથે પુરુ પાડેલ હતુ.

વધુમાં ભારત-ચાઈના બોડર વિવાદને પગલે ચાઈનીજ વસ્તુઓના બહીસ્કાર માટે ગામનાં યુવાનો,વડીલો ને એકત્રકરી સોગંદ લેવડાવવામાં આવ્યા હતા તેમજ જનજાગ્રુતી માટે પ્લેમફેટનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમમાં ધણપ ગામના તમામ યુવાનો અને વડીલોએ સંપુર્ણ હાજરી આપી હતી.

સાહિત્ય અકાદમી અને સંસ્કૃતભારતી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત સપ્તાહનો આરંભ

ગાંધીનગર, તા. ૪

સંસ્કૃત સપ્તાહના આયોજનના ભાગરૂપે આરંભાયેલ કાર્યક્રમોની શૃંખલાના ભાગરૂપે પ્રથમ ઉદ્ઘાટન સત્રમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને મહામાત્ર હિંમતભાઈ ભાલોડિયા ઉપસ્થિત રહ્યા હતા. અધ્યક્ષીય પ્રવચનમાં વિષ્ણુભાઈએ જણાવ્યું હતું કે સંસ્કૃતકાર્ય માટે આપણી નિષ્ઠા આવશ્યક છે. વધુમાં તેઓએ ગુજરાત રાજ્ય અને સંસ્કૃતનો જે ગૂઢ નાતો છે તેના ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો.

'સાંપ્રત સમયમાં શા માટે સંસ્કૃત ભાષા મહત્ત્વની છેલ્ય તે વિષય પર પ્રા. ડો. શ્રીમતી યોગિની વ્યાસ દ્વારા મનનીય પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતુ કે આપણા પ્રધાનમંત્રી સ્વયં મન કી બાતમાં વારંવાર સંસ્કૃત શ્લોક અને ઉક્તિઓનો પ્રયોગ કરે છે. તેમના ટ્વીટ પણ ઘણી વાર સંસ્કૃત સુક્તિઓથી યુક્ત હોય છે.

આ સમગ્ર કાર્યક્રમ ફેસબુક લાઈવ માધ્યમ અને ઝૂમ એપ્લિકેશન દ્વારા આશરે ૩૦૦થી વધુ ભાવકોએ માણ્યો હતો. ૭મી ઓગસ્ટ સુધી ચાલનારા આ કાર્યક્રમોમાં સંસ્કૃત સ્વ પરિચય સ્પર્ધા, વાર્તાકથન સ્પર્ધા, સંગીત સંધ્યા, એકપાત્રી અભિનય, વિશિષ્ટ વ્યાખ્યાનો જેવા વિવિધ કાર્યક્રમો પ્રતિદિન સાંજે ૭:૩૦ થી ૮:૩૦ દરમ્યાન આ કાર્યક્રમો નગરજનો સંસ્કૃતભારતી ગાંધીનગરના ફેસબુક પેજ પરથી માણી શકશે.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંયોજન ડો. ભાવપ્રકાશ ગાંધી અને હિમાંશુ પંડ્યા દ્વારા કરવામાં આવશે.

શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ઓનલાઈન ક્રાફ્ટની પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા. ૪

શ્રીમતી એમ.બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ૨૯મી જુલાઈ, ૨૦૨૦ ધોરણ-૪ની વિદ્યાર્થીની બહેનોની સર્જનશક્તિ વિકસે તે હેતુસર રંગીન કાગળમાંથી વિવિધ પક્ષીઓ કેવી રીતે બનાવવા તેની વીડિયો દ્વારા ઓનલાઈન શાળાના શિક્ષકો બહેન લતાબેન પટેલે સમજ આપી હતી. તેમાં વિદ્યાર્થીનીઓએ ખૂબ જ ઉત્સાહ દર્શાવી આ પ્રવૃત્તિ કરીને વિવિધ પ્રકારના પક્ષીઓ બનાવી તેના ફોટા તથા વીડિયો પણ મોકલ્યા હતા. વાલીઓએ પણ ખૂબ સારો સહકાર આપ્યો હતો. વિદ્યાર્થીનીઓની આ પ્રવૃત્તિ બદલ શાળાના આચાર્યાબેન નીરુબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા. શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ એ માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

શ્રીમતી આર એન પટેલ પ્રાયમરી સ્કૂલમાં રાખડી મેકિંગ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૪

શ્રીમતી આર એન પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્તીઓ માટે ભાઈ-બહેનના સ્હેનના પ્રતિકસમા તહેવાર રક્ષાબંધન નિમિત્તે ઓનલાઈન 'રાખડી મેકિંગ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ઘણા બધા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ઉત્તમ રાખડી બનાવનાર વિદ્યાર્થીને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાનું સંચાલન આશિષભાઈ વસાવા અને બબીતાદેવી ગુપ્તા દ્વારા કરવામાં આવ્યું હતું.

ફ્રેન્ડશીપ ડે નિમિત્તે યોજાઈ એક અનૂઠી વર્ચ્યુઅલ મિટીંગ



ગાંધીનગર, તા. ૪

દોસ્તી દેશ, વિદેશ, રૂપ, રંગ કે સંસ્થાની સરહદોથી પર હોય છે. આ વાત સાબિત કરે છે લિયો કલભ ઓફ ગાંધીનગર. લિયો કલબ ઓફ પૂને અને લિયો કલબ ઓફ બોરોન્દરા (ઓસ્ટ્રેલિયા) તેમની વર્ચ્યુઅલ મિટીંગ દ્વારા જેમાં ત્રણેય કલબના સભ્યોએ એકબીજાનો પરિચય મેળવ્યો હતો અને સમાજને કઈ રીતે ઉપયોગી થઈ શકીએ અને સેવા આપી શકીએ તેના પ્રત્યે સુંદર વિચારો પ્રસ્તુત કર્યા હતા.

આ મિટીંગનું આયોજન લિયો કલબ ઓફ ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમં હોસ્ટ લિયો કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ વિયન જયસિંઘાની હતા. પૂને કલબના પ્રમુખ લિયો સાહિલ ભિંડે અને બોરોન્દરા, ઓસ્ટ્રેલિયાના પ્રમુખ લિયો ટોમ કોન્લેએ તેમનો સહયોગ આપ્યો હતો. મિટીંગમાં લિયો એમ.ડી.પી. કથન ત્રિવેદી, લિયો ચેરપર્સન મોહિત જયસિંઘાની, સેક્રેટર કાર્વિક યાદવ અને ટ્રેસરર કરણ માણેકની સાથે કલબના તમામ સભ્યોએ ભાગ લીધો હતો.

એસ.જી. અંગ્રેજી પ્રાથમિક શાળામાં ઓન લાઈન રાખડી બનાવવાનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૪

સર્વ વિધ્યાલય સંચાલિત એસ.જી.,અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં રવિવારના રોજ ઓન લાઈન રાખડી બનાવવાની પ્રવૃત્તિ થઈ. વિદ્યાર્થીઓને આગલા દિવસે રાખડી બનાવવાની સુચના આપી દીધી હતી તેમજ તે અંગેના વિડીયો પણ ગ્રુપમાં મોકલ્યા હતા અને શિક્ષકોએ રાખડી કેવી રીતે બનાવવી તેના વિશે થોડુંક માર્ગદર્શન પણ આપ્યું હતું આ માર્ગદર્શનના આધારે અને પોતાની સૂઝ આધારે વિદ્યાર્થીઓએ અલગ અલગ રાખડીઓ બનાવી હતી અને પોતપોતાના ગ્રુપમાં શિક્ષકોને મોકલી હતી વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ ખીલી હતી આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ આનંદથી ભાગ લીધો હતો.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે "Be a Better You " વિષય પર વર્કશોપ યોજાયો

વલ્લભવિદ્યાનગર, તા.૪

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે TEQIP-III , I.E.I સ્ટુડન્ટ ચેપટર સિવિલ એન્જી તથા વુમન ડેવલપમેન્ટ સેલ ના સંયુક્ત ઉપક્રમે "Be a Better You" વિષય પર વર્કશોપ યોજાયો.જેમાં એક્સપર્ટ તરીકે કેપ્ટૂન લક્ષ્મી નટરાજન (કો-ફાઉન્ડર,Heal foundation), કુમારી ચૈતાલી શ્રોફ (કો-ફાઉન્ડર, Heal foundation) ઉપસ્થિત રહ્યા હતા.તેમણે સેલ્ફ રિઅલાઈઝેશન,ઈમોશનલ હાઈજીન,સેલ્ફ અવેરનેસ એન્ડ મેનેજમેન્ટ,કોગ્નિટિવ સ્કિલ્સ તથા ઈમોશનલ સ્કિલ બેલેન્સિંગ,હાર્ટ એન્ડ માઈન્ડ હાર્મની, સોશિઅલ સ્ટ્રેસ ને ટેકલ કરવું જેવા વિષયો પર રસપ્રદ માહિતી આપી હતી.

આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ. ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે વર્ક ઈઝ વર્શિપ તથા ચારુતર વિદ્યામંડળ ના યુથ ડેવલપમેન્ટના વિઝન પર સતત પ્રયત્નશીલ રહેલી બીવીએમ

ખાતે કોવિડ-૧૯ પેંડેમીક લોકડાઉન માં ઘણા આંતરરાષ્ટ્રીય ટેક્નિકલ કોફ્લેવ,વેબિનાર,ટ્રેનિંગ પ્રોગ્રામ તથા વર્કશોપ યોજાયા છે જેના થકી બીવીએમ ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા વિદ્યાર્થીઓ ના સ્કિલ ડેવલપમેન્ટ તથા નોલેજ અપગ્રેડેશનમાં પાયોનિયર સાબિત થયું છે. ઉપરોક્ત વર્કશોપ સૌને ડે ટુ ડે લાઈફમાં તણાવ તથા ચિંતાને દૂર કરી વર્કિંગ એફિસિએંસી એન્હાન્સ કરવામાં મદદરૂપ નીવડે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.ઉપરોક્ત વર્કશોપમાં ડૉ.એલ.બી.ઝાલા (હેડ, સિવિલ એન્જી.), ડૉ.તૃપ્તિ દેસાઈ (કોર્ડીનેટર, વુમન ડેવલપમેન્ટ સેલ,બીવીએમ), પ્રો. નેકઝાદ ઉમરીગરફે કલ્ટી એડવાઈઝર,I.E.I સ્ટુડન્ટ ચેપટર સિવિલ એન્જી.) ઉપસ્થિત રહ્યા હતા..ઈવેન્ટ કોર્ડીનેટર પ્રો.નેહા પટેલે ઉપરોક્ત એક્સપર્ટ નો પરિચય આપ્યો હતો તથા સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉપરોક્ત ઈવેન્ટમાં સમગ્ર ગુજરાતમાં થી ૭૮ જેટલા અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ જોડાયા હતા. વર્કશોપને સફળ બનાવવા માટે સ્ટુડન્ટ ટીમ મોહિત, ધ્રુવ, વેણુ, જય,વિવેક, સચિને ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી. ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ શુભેચ્છા વ્યક્ત કરી હતી.

શહેરની સફાઈ કરતા કર્મચારીઓ કોરોના ન ફેલાવે તે માટે તકેદારી રાખવા માંગ

ગાંધીનગર, તા. ૪

છેલ્લા કેટલાક વખતથી સેક્ટરોમાં સફાઈ કરતા કર્મચારીઓની સંખ્યા વધારવામાં આવેલી છે. આ કર્મચારીઓ કોરોના વાયરસના વાહક ન બને તે માટે તકેદારી લેવાની આવશ્યકતા છે. તેઓ માસ્ક પહેરે, હાથના મોજા પણ પહેરે તે સુનિશ્ચિત કરવાની આવશ્યકતા છે. આમ કરવું તેમના અને લોકોના આરોગ્ય માટે જરૂરી છે. આ માટે સુપરવાઈઝરોની નિમણૂક કરવામાં આવી હશે પરંતુ રહેવાસીઓને તેની માહિતી નથી. આ સુપરવાઈઝરો નિયમિત ચકાસણી કરે તે જરૂરી જણાય છે. મોબાઈલ નંબર જાહેર કરવામાં આવશે તો નાગરિકો પણ આ બાબતમાં તેમનું ધ્યાન દોરી શકશે . સોશિયલ ઓડીટ ઊભું થતા કામગીરીમાં સુધારો કરવા માંગ છે.

પર્યુષણ બંધની જાહેરાતથી હજારો માળીઓ, લાખો વિક્રેતાઓ અને શ્રમિકો નિરાશામાં ધકેલાયા

અમદાવાદ, તા.૪

લોકડાઉન બાદ આર્થિક કારણોસર માર્કેટને હોટલોથી માંડીને અને સિનેમાગૃહો સુધ્ધાં ખુલતા ગયા છતાં, પર્યુષણને માત્ર ધાર્મિક મુદ્દો સમજીને મંજુરી ન મળી. જેના પગલે જૈન સમાજે પર્યુષણ બંધની જાહેરાત કરી દીધી. આ જાહેરાતથી લાખો અર્જેનો માટે કમાણી કરવાની સિઝન પર્યુષણ હતી, તેઓ આઘાતની લાગણી અનુભવી રહ્યા છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો તો ફક્ત અમદાવાદમાં જ લગભગ ૧૦૦૦ નાના મોટા દેરાસર ગણીએ, તો દરેક દેરાસરમાં ફૂલ માટે માળી જોઈએ. આમ એક દેરાસર એક માળીના પરિવાર માટે આવકનું સાધન બની રહેતું હતું. લોકડાઉનમાં દેરાસરો બંધ રહેવાથી એ પરિવારો ભીસમાં આવી ગયા. આ પરિવારો માટે પર્યુષણ એ દિવાળી બની રહેતા હતા કારણ કે આખા વર્ષની સૌથી વધુ આવક તેમને આ દિવસોમા થતી હોય છે. જે માળીઓ લોકડાઉનમાં આવેલી ભીંસમાં પર્યુષણથી રાહત મળશે એવી આશામાં હતા, તેઓ નિરાશામાં ધકેલાઈ ગયા છે. ભારતભરમાં આવા લાખો માળીઓ છે.

ડાયરેક્ટ સે

પ્રયત્ન જ એવા ઝનૂનથી કરો કે, કદાચ હારી પણ જાવ ત્યારે... જીત ખુદ આવીને કહે કે, માફ કરજો મજબૂરી હતી...

જન્મદિને વધામણી



મહેન્દ્રભાઈ એસ રાઠોડ
કોષાધ્યક્ષ,
ગાંધીનગર સાહિત્ય સભા
મો. ૯૯૯૦ ૬૭૮૧૩

રમેશચંદ્ર નટવરલાલ શ્રીમાળી
મો. ૯૪૨૮૫ ૦૩૦૮૨

મગનભાઈ ગંગારામ પટેલ

ઝલક વાગોસણા
મો. ૮૪૮૮૦ ૮૫૧૦૮

આદિત્યસિંહ રાજવીરસિંહ રાણા

જાહ્નવી દેવેન્દ્રકુમાર પરમાર

પટેલ ભગવતીબેન શંભુભાઈ
કૃષ્ણ મહિલા મંડળ
પ્રમુખ.
મો. ૯૮૨૪૯ ૯૬૮૮૮